ગુજરાત અર્બન કો.ઓપરેટીવ બેન્કસ ફેડરેશન

કો.ઓપરેટીવ બેન્કસ ભવન, આશ્રમ રોડ, અમદાવાદ – 380009.

ક્રમાંક: જીયુસીબીએફ/51/411 તા:31/12/2025

તમામ અર્બન કો. ઓપરેટીવ બેન્કો

Reserve Bank of India Continuous Clearing and Settlement on Realisation in Cheque Truncation System: Phase 2 પરીપત્ર તરફથી તા. 24/12/2025 ના પરિપત્ર ગુજરાતી અનુવાદ આ સાથે મોકલીએ છીએ. વધુ સ્પષ્ટ અર્થઘટન માટે અંગ્રેજી પરિપત્ર નો આધાર લેવો. આ પરિપત્ર ફેડરેશનની વેબસાઇટ www.gujfed.com ઉપર Circular In Gujarati Menu માં મૂકવામાં આવેલ છે

આપનો વિશ્વાસુ

(જે.વી.શાહ)
ચીફ એક્ઝીક્યુટીવ ઓફીસર

RBI/2025-26/156
CO.DPSS.RLPD.No.S1039/04-07-001/2025-2026 તારીખ: 24 ડિસેમ્બર, 2025

ચેક ટ્રન્કેશન સિસ્ટમમાં ભાગ લેનારી બેંકો/
નેશનલ પેમેન્ટ્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા ના અધ્યક્ષ/
મેનેજિંગ ડિરેક્ટર/ ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસરશ્રીને,

માનનીય સર / મેડમ,

ચેક ટ્રન્કેશન સિસ્ટમમાં રિયલાઇઝેશન આધારે સતત ક્લિયરિંગ અને સેટલમેન્ટ : તબક્કો–2

આ સંદર્ભે, ચેક ટ્રન્કેશન સિસ્ટમમાં રિયલાઇઝેશન આધારે સતત ક્લિયરિંગ અને સેટલમેન્ટની શરૂઆત વિષયક પરિપત્ર CO.DPSS.RLPD.No.S536/04-07-001/2025-2026 તારીખ 13 ઓગસ્ટ, 2025 નો ઉલ્લેખ કરવામાં આવે છે. આ પ્રોજેક્ટનો તબક્કો–1 તારીખ 4 ઓક્ટોબર, 2025 થી અમલમાં મૂકવામાં આવ્યો હતો.

2. ઉપરોક્ત પરિપત્રમાં આંશિક ફેરફાર રૂપે, નીચે મુજબ સૂચનાઓ આપવામાં આવે છે:

(i) બેંકોને તેમની કામગીરી વધુ સુવ્યવસ્થિત બનાવવા માટે પૂરતો સમય મળી રહે તે હેતુથી, તબક્કો–2 (Phase 2) નો અમલ આગામી સૂચના સુધી મુલતવી રાખવામાં આવે છે.

(ii) પ્રેઝન્ટેશન સેશનનો સમય હવે સવારે 09:00 વાગ્યાથી બપોરે 03:00 વાગ્યા સુધી રાખવામાં આવ્યો છે અને કન્ફર્મેશન સેશનનો સમય હવે સવારે 09:00 વાગ્યાથી સાંજે 07:00 વાગ્યા સુધી કરવામાં આવ્યો છે.

3. આ નિર્દેશ પેમેન્ટ એન્ડ સેટલમેન્ટ સિસ્ટમ્સ અધિનિયમ, 2007 (અધિનિયમ ક્રમાંક 51 of 2007) ની કલમ 10(2) ને કલમ 18 સાથે વાંચીને જારી કરવામાં આવે છે.

આપનો વિશ્વાસુ,

(સૌરભ નાથ)
(Chief General Manager)